આગનો ગરબો.

તથા

ી કારીગરી વિશે પરચુરણ

ગરબી.

રચનાર.

લલ્લુભાઈ જમનાદાસ.



સુરત મધે

ચીટી સેંટ્રલ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૩૪——સન ૧૮૭૮.

કીમત ૨ આનો.

૧૦૩૭

બાગાનો ગરબો દેવી કાપે

ગરી વીશી પરસ્મુશાળા ગરબો

ગરબી ૧ લી.

મોહોલે પધારો મહારાજ, મણીધર મોહોલે પધારો

(એ રાગની)

સરસ્વતી સારદા માત, પ્રસન થઇ જીભે વસોની;
સેવુ તને દીન રાત, પ્રસન થઇ જીભે વસોની—ટેક

સાખી ૧ લી.

પુર્ણાનંદ પરમેશ્વરી, થાજો મુજને સાહ્ય
મહેર કરી કરૂણા કરો, જેથી ગ્રંથ આ પુરણ થાય.
પ્રસન થઇ જીભે વસોની.

સાખી ૨ જી.

હંસ વાહન તેં કીધું, કમંડળ કર માંહે;
શુભ દ્રષ્ટીથી દેખજો, તો પામર પંડીત થાય.
પ્રસન થઇ જીભે વસોની.

સાખી ૩ જી.

પ્રથમે પુંજી સારદા, હવે લંબોદર દેવ;
ઉમા અંગથી ઉપનો, કરે છે સૌ એની સેવ.
પ્રસન થઇ જીભે વસોની.

સાખી ૪ થી.

દુઃખો દુઃખ ભંજનો, વપુએ બાળે વેશ;
આહાર કરે લાડુકનો, એ ગવરીનંદ ગણેશ.
પ્રસન થઇ જીભે વસોની.

સાખી ૫ મી.

શીવ પુત્ર કહેવાય છે, ગજ વદન ગુણ સાર;
સિદ્ધી બુદ્ધીનો સ્વામી છે, એ દેવ વડો દાતાર.
પ્રસન થઇ જીભે વસોની.

સાખી ૬ ઠી.

મૂષક વાહન ગજપતો, સુભ ગુણનો દાતાર
સૂભ કાર્યમાં સઉ થકી, પેહેલો ગણપતી મંગલકાર.
પ્રસન થઈ જીભે વસોની.

સાખી ૭ મી.

ધર્મ ધુરંધર ધીર છે, સીંધુર શોભે સાર;
મોટી દુંદ પર સુંડતો. શોભે છે અપરમપાર.
પ્રસન થઈ જીભે વસોની.

સાખી ૮ મી.

કર જોડું ગીરીજાપતી, વળી નામું હું શીશ
ક્ષમા કરો અન્યાય સો, લલ્લુ રતે દીનનીશ.
પ્રસન થઈ જીભે વસોની.

ગરબી ૨ જી.

બાગનો ગરબો—બરાનપુરી રાગમાં.

બાગ બન્યો છે બલીહાર ॥ ખુબ ખીલ્યો છે ગુલજાર ॥ તાહાં જોવાને જઈએ ॥ સઉ નર ને નાર ॥ કે ગણી વીક્ટોરીયાનો બાગ ॥ તાહાં જોવાનો છે લાગ ॥ મક્કા બાગળનો માર્ગ. ન્યારો છે ॥ પૂરવે આવી મસાફરીખાન ॥ પશ્ચીમ તાપીનો કીનાર ॥ ઉતર દેવલ થકી ફાંસો ન્યારો છે ॥ કે દક્ષણ આવ્યો છે બજાર ॥ બાગ બન્યો છે ગુલજાર ॥ તેને સાચવનારા ઘણા માળી છે ॥ કે કુવા હોજ ભર્યા છે પાણી ॥ ફીરી પરજાને કમાણી ॥ અકલ અગ્રેજ લોકોની ઘણી ભાગ્યુ છે ॥

શાખી.

કે અકલ અંગરેજ તણી ॥ તમે સાંભળો નરને નાર ॥
હીકમતથી હીંદુસ્થાનમાં ॥ સઉ હરી લીધા હથીયાર ॥

કે એવી રીતેરે એવી રીતે ॥ અની હાંરે એવી રીતે ॥ કીધી રચના ભારી ॥ લોકો જુવે ધારીધારી ॥ જોવા આવે સુખ કારી ॥ છુટે ફુવારા ॥ કે કાળી કામણ ગારી નાર ॥ શીર પર તગારડીનો ભાર ॥ કાળી હબસણનો અવતાર ॥ ખાવા દોડે છે ॥ કે એવી રચના કીધી ભારી ॥ લોકો જુએ ધારી ધારી ॥ ઉંચી ડોકે અસકારી ॥ જાએ જોવાને ॥ કે દાડમ જમરૂખીની ડાલ ॥ ફણસ કેળાના છે ઝાડ ॥ મોગરો માલતી ને ચંપો. ખીલ્યાં છે ॥ કે સેતુર ફાળસીના છોડ ॥ અજીર જાંબુડીની જોડ ॥ તેને જોવાનો છે કોડ ॥ રાએણ ઝુલે છે ॥

સાખી.

ઝુલી રાએણ ઝુમખે ॥ વળી પાકી આંબા શાખ ॥
જોતાં મન નીરમળ થયું ॥ તાહાં રચના લાખો લાખ ॥

કે એમ જોતાં રે એમ જોતાં ॥ અની હાંરે એમ જોતાં ॥ કે મન થયું નીહાલ ॥ મને લાગ્યો તેનો ખ્યાલ ॥ આણી મનમાં વીચાર ॥ હું તાહાં થયો ખુશીઆલ ॥ કે લીંબુ નારંગીના છોડ ॥ શોભા જોવા થાએ કોડ ॥ અંતુંસડાનો તે આકાર, બહુ શોભે છે ॥ કે લીલી વાલી છે દરાખ ॥ બીજા વેલા લાખો લાખ ॥ રામફળ કરતાં તે કમરખ સારી છે ॥ કે કરેણ કેતકીના ફુલ ॥ લીલી વરીયાળીની ઝુલ ॥ જોતાં બહુ પડે છે ભુલ ॥ નારીએળ ઝરે છે ॥ કે

ઝાડ કંપીકા ને બોર ॥ બહુ બહુ મરચીના છોડ ॥ માળી કરે દોડા દોડ ॥ ગોઠવણુ મુકી છે ॥

સાખી.

ગોઠવણુ મુકી જાત જાતની ॥ વળી જાળો ગુંથી સાર ॥
આસપાસ ચોટાઇ વળયો ॥ લોઢાનો બહુ તાર ॥

કે તાર બાંધ્યોરે તાર બાંધ્યો ॥ અનીહાંરે તાર બાંધ્યો ॥ તે એવી રૂડી પેર ॥ તાહા થઇ ગઇ લીલા લેહેર ॥ પાછા નહી જાઇ એ ઘેર ॥ એમ મનમાં થાએ ॥ કે ફુલને લાગ્યાછે ફળ ડાળ ॥ છોડ દીસેછે રૂપાળ ॥ બાંધ્યા છત્રીસે ખુણા, તે વેલા ચઢવાને ॥ કે ફુલ ફુટયા છે ગુલાલા ॥ જોવા આવે ટોપીવાળા ॥ નજર કરે લાંબી લાંબી, લલકારીને ॥ કે ફુલ શુરજ મુખી સાર ॥ લીમડો લીલો ગુલજાર ॥ કેળ કમળીના બારા, બહુ શોભેછે ॥ કે ફુલ ગુલાબીના ઝાડ ॥ અસવે ચંપેલીની ડાળ ॥ વનસપતી ભારે આરાડ, મન લોભેછે ॥

સાખી.

મન લોભે છે જોઇને ॥ વળી રસતા ઉપર છંટકાવ ॥
ફરતો પુસતો બાંધીઓ ॥ બહાર જવા કરે અટકાવ ॥

કે એમ બાંધ્યારે એમ બાંધ્યા ॥ અનીહાંરે એમ બાંધ્યા ॥ કે ફરતા પાસે કોટ ॥ ફુવારા છુટે ગોટા ગોટ ॥ લોકો કરે દોડા દોડ ॥ જાએ જોવાને ॥ કે જાળી બાંધી ન્યારી ન્યારી ॥ ફરતી લોઢાની છે જાળી ॥ લોકો જાએ છે ઉધાડીને, જોવાને ॥ કે ફાનસ ફરતા ફુલ બાગ ॥ રસતામાં ઘણા છે ભાગ ॥ તાહાં તો જોવાનો છે લાગ ॥ હરકત નહીંરે નડે ॥

સાખી.

હરકત નહીં આ રાજમાં ॥ સુખે જુએ નરને નાર
ગુણીજન જોઇને રીઝજો ॥ ફુલ કેવા કીધા છે કીરતાર ॥

કે એમ કેહેછે રે એમ કેહેછે ॥ અનીહાંરે એમ કેહેછે, કતા જન ॥ તમે સાંભળોની તન ॥ બાગ બાણ્યો તેના પ્રભુ પરવારી ॥ કે આવ્યા કલેકટર ગુજરાત ॥ મીસટર હોપછે વીખ્યાત ॥ તેની મેહેનતથી વાત, બની સારીછે ॥ કે લોકો કેહેછે કર અવાજ ॥ આવ્યા પોતે કરવા રાજ ॥ આંણી નફટોને લાજ, બહુ કારી છે ॥ કે બાગનો આંણ્યો મેં નીવેડો ॥ મેં તો હુકે આંણ્યો છેડો ॥ લેજો બાગ તણો કોઇ કેડો ॥ હુતો થાકયોછું ॥

ગરબી ૩ જી.

બાગનું વર્ણન. તોટક છંદમાં.

બહુ શોભિત સુંદર બાગ બણ્યો, નિજ સૂરતીએ ખુબ સર્સ ગણ્યો.
રણી રાયણ તે બહુ ભિગિ મળી, હતિ દાડમની બહુ ડાળ વળી.—૧
તર જાંબુડિના પર જાંબુ ઝુલે, ફુલ ઝાડ ઘણા પર ફૂલ ફુલે.
લટકે વળી ત્યાં બહુ જામફળો, ઝુકતાજ દિશે ખુબ રામફળો. —૨
લિલિ લીંબુડિનો નવ પાર લહૂં, લખવાં મુજ હાથ કરે ન કહું.
વરિયાળિ ફૂલેજ તમામ તહીં, ગુલદાવદિનો વળિ પાર નહીં. —૩
જુગતીથિ ગુલાબ દિશે ખિલતા, જુઇ જાઇ તણી બહુ લીલિલતા.
બહુ વાવીજ કેળ અને કમળી, તરકારી થઇ બહુ ભાત વળી. —૪
લટકે વળિ કેરિનિ જાત ઘણી, પચ રંગની સેંતુર બેશ બણી.
ખિલિ માલતિ માગર વેલ તહીં, મન રંજન ફાળસિ છોડ મહીં.—૫

વડ વૃક્ષ અને ઘણિ આંબલિઓ, વડિ વાડિ વિષે બહુ બાવળિઓ.
ફુલ સુરજ મુખી ખિલેજ નકી, ગુલબાસનિ ડાળ રહેજ ટકી. —૬
કરિ કુંડ રચી અબળાજ મહીં, શિરમાંથિ ફુટેજ ફુવાર તહીં.
ફુલ અબજ તણાં બહુ ખીલિ રહ્યા, ભમરા ખુબ ગુંજ કરીજ રહ્યા. ૭
અગણીત લિલોતરિ વાવિજ જયાં, દશ દીશ ઉગી વળિ ટેનજ ત્યાં.
ખરસાણી તણો ખુબ કોટ હતો, નજરે નરખું પણ ચૂકી જતો.—૮
બહુ નીર્મળ તાપિથિ નીર વહે, પશુ પક્ષિ ઘણા વળિ ત્યાંજ રહે.
મન ચોંટી રહે બહુ બાગ મહીં, લખિ કોણ શકે બહુ બયાન તહીં.—૯
દિપતા બહુ દ્વાર ખુલાંજ દિશી, બહુ માર્ગ હતા વળિ બાગ વિષે.
દિન આથમતે જળ છાંટી રહે, ઘણિ સુંદર વાયુનિ લે'ર વહે. —૧૦
સુરતી જન શોખિ ઘણાજ ફરે, બહુ લોક નિતી તણિ વાત કરે.
રૂડિ બેઠકતો વળિ ખૂબ ઘણી. ખુબસૂરત ખુસિ નવાબ તણી—૧૧
ઝળકે બહુ દીપક ફાનસમાં, નર નારિ જુવે જંઇ બાગજમાં.
વડિ વાડિ તણો નવ પાર લહે, ચતુરાઇ કરી ખુબ બલ્લુ કહે. —૧૨

ગરબી ૪ થી.

દેશી કારીગરી વિશે ગરબી.

તારૂં ગોકુળ જોવાને આજરે મથુરાના વાસી
(એ રાગની)

જુવો દેશી કારીગરી હાલરે. લાંબી થઇને સુતી.
દેશીમીત્રે કીધો શ્રમ અપારરે—પણ એ નવ ઉઠી.

પ્રથમ એણે સુરતમાં બહુ ભાશણ કીધ અપાર, જુની પ્રજા મન ફેરવી લેને, કીધો કંપનીનો વિચારરે, લાંબી થઇને સુતી—૧

છસેં શેર દર સવા કુંડીના, ત્રણ પાંચ હજારે થાપણ, તેમાંથી એક દુકાન સ્થાપી, વહીવટ કરશું આપણરે. લાંબી થઇને સુતી.—૨

એવી ગોઠવણ ગોઠવ્યા પછી, કીધું પ્રગટવા મથન, દેશી ચીજ બાનાવીને લાવે, તેને દેશું ઉત્તેજનરે. લાંબી થઇને સુતી—૩

ઉતેજનથી લલચાઇ જઇને, લોકે કીધી મેહેનત. કારીગર જે બાનાવી જાણે, તે લાવી આપે મફતરે. લાંબી થઇને સુતી—૪

સુતાર લોકે તાળા બનાવ્યા છરી ચપ્પુ સમેત, વીલાયતની કાતરો બનાવી ગઇ ફોકટ સઘળી વેઠરે, લાંબી થઇને સુતી—૫

કંઇકે સાબુ કરવા માંડયો, કંઇકે પાકો રંગાટ, કંઇકે દીવાસળી બનાવી, પણ લાકડાનો નહીં ઘાટરે. લાંબી થઇને સુતી—૬

એવી રીતે સઉકો ધાયા, જેને જે આવડત. કંઇક ફતેહ પામ્યા ખરા, પણ કંઇક મેહેનત બ્યર્થરે, લાંબી થઇને સુતી—૭

એ દરમીયાને દેશીમીત્રે, કીધી ખબર જાહેર, સઉકો મળી ઉતેજન દેવા, બગે દેશી કારીગરી ઘરરે, લાંબી થઇને સુતી—૮

દેશી કારીગરી ચાલશે એવું, જાણીને ભરીયા નામ. સર્વે ધાર્યું નિષ્ફળ ગયું ને, દેશીકારીગરી થઇગઇ રામરે. લાંબી થઇને સુતી—૯

થોડા શેર ભરાયા ને કીધો—સભા ભરવા વિચાર, ઉલટ લખ્યુ મ મને ભારી હવે ગાઉં ચીતારરે. લાંબી થઇને સુતી —૧૦

ગરબી ૫ મી.

મારે આજે પ્રીતમ ઘેર આવશે; મુને હેત કરી બોલાવશે. હો જીરે, મારે આજ. (એ રાગની)

વીરતરીને કહું શોભા સાંજની.
હારે—શભા દેશી કારીગરીના કાજની હોજીરે. વીરતરી—૧
હારે—મળી વીક્ટર વાડીના મકાનમાં,
હારે—બેઠક કીધીતી વચેના ચોગાનમાં હોજીરે. વીરતરી—૨
હારે—ચાર વાગતે સભ સદો આવીઆ.
હારે—તે તો એક પછી એક બીરાજીઆ. હોજીરે વીરતરીને કહું—૩
હારે—બેસા વાળો નવાબ સભાપતિ.
હારે—ત્યાંતો શકોને બેસવા રજા હતી. હોજીરે વીરતરીને કહુ—૪
હારે—ઉભા દેશી મિત્રના અધીપતી.
હારે—કીધું ભાષણ એણે બહુ મથી. હોજીરે વીરતરીને કહું.—૫
હારે—ચપુ કાતર ને સાબુ બતાવીઓ.
હારે—કહે દેશી લોકે આ બનાવીઓ. હોજીરે વીરતરીને કહું—૬
હારે—જુઓ દેશી કાપડ સભાસદો.
હારે—છે એથીજ કેટલો ફાયદો. હોજીરે વીરતરીને કહું.—૭
હારે—સહુ તન મન ધનથી આદરો.

હારે—શેર દેશી કારીગરી તણા ભરો. હોજીરે વીરતંરીને કહું —૮
હારે—એવી ચીજો કદી બધી ઈહાં કરે.
હારે—પછી દેશ આપણો કેવો તરે. હોજીરે વીરતંરીને કહું.—૯
હારે—પરદેશી માલ સૌ આવતો બળો.
હારે—કહે લલ્લુ તમે ચીત દેઇ સાંભળો. હોજીરે વીરતંરીને કહું.—૧૦

ગરબી ૬ ઠી.

રાગ બાગના ગરબાનો.

જુવો સુરત કેવું સેહેર, તેમાં થાય કેવો કેર.
નથી કેપે લીલા લેહેર, સઉ જાણો છો. ૧
માટે દેશીકારીગર, નહી બને એમ વગર,
તેથી કરજો સઉ જીકર. હામ ભીડીને. ૨
પછી કાલા વાલા કરતાં, અંગરેજો સઉ ફરતા,
કેહેતા કોઇને ન ડરતા, એમ સઉકો કહે. ૩
પેહેલા વેપારીને ધ્યાન, આવ્યો અંગરેજ હિંદુસ્તાન,
ત્યારે નહી હતું ગુમાન, લેશ એ લોકમાં. ૪
એણે રાખી એક ઇમાન, સ્થાપી વેપારી દુકાન,
પડયો કેવો એ મેદાન માન મેળવીને. ૫
પછી ધીમે ધીમે ભાઇ, કરવા માંડી ને પકાઇ,
રાજા રાણા વારે ધાઇ, પ્રજાપતી થૈ બેઠા. ૬
દીધું શુભનું વચન, કરસું હમે તમ જતન,
નવ ડરશો કોઇ મન, એમ જાહેર કીધું ૭

પછી કરવા માંડયું રાજ, ધરી દીલ્હીનું શીરતાજ,
બોલો કેસરે હીંદઆજ, સહુ લોક નમે. ૮

સાખી.

પ્રજા સહુ વીલાતની, કરે છે હુનર સોધ.
ઓજારો ને ચીજ સૌ, બતાવી દો છઉ બોધ.

કે એવી રીતેરે એવી રીતે, અની હાંરે એવી રીતે
કીધાં ઓજારો સૌ કામ, કાપડ જીણું જાડું આમ
દેશી હુન્નર કીધો ઠામ, એક ચીતે જુવો. ૧
દેશી ભાષા કુંભી છેજી, બોલે લોકો અંગરેજી
મીસતર થાય છે સૌ તેથી, સરવીસ લેવા. ૨
સાંકો સૌ રોવાડયા, કટકા કાગળના ચલાવ્યા,
બાજો નાણું રાખી આવ્યા, દેશો દેશ મહીં. ૩
સઘળે અગ્ની રથ દોડાવી, વહાણવટીઓ રોવાડી
સહુ બંદર તોડી પાડી, પોતે કમાઇ કીધી ૪
વાીનીંગ વીવીંગ જીન આણ્યા, ચરકા દેશી અટકાવ્યા,
વણકરો ઠામ પાડયા. બહુ ભુખે મરે. ૫
સોય દોરા કાતર આવે, સાથે ચપુઓ મંગાવે.
દીવાશળી બહુ આવે. બારકસ મહીં. ૬
કાગળ કંચ ફુલીસકેપ, સ્ટીલ હોલ્ડરોના ઢેપ
સાથે પેનસીલોની એપ, બહુ આવે છે. ૭
ગીલે ગોમટા તોડી પાડયા, સાંચે દરજીને રોવાડયા
ગ્યાસે ગ્રાંચીને બેસાડયા, નવરાજ કરી. ૮

સાખી.

ચીત્રો ચીતરનાર સૌ, બેઠા બેઠા જોય;
ભરનારાનું પડી ભાગ્યું. સૌ વીલાતી સારૂ રહોય.

કે એવી રીતરે એવી રીતે. અનીહારે એવી રીતે
વીલાતી સારૂ રહોય. તેનો ભપકો રૂડો હોય;
નવ કરે સરસી કોય, દેશી કારીગર. ૧
જુવો ધોતી જોડા કેવા, સીલક આલપાકા તેવા;
ગવન બુટીદાર કેવા. છીંટ સારી છે. ૨
દેસી છાયલો છપાય, તે પણ ગવનથી અંજાય;
રંગ ભાત ભાત દેખાય, ઉન ફલેનલ મહી. ૩
બનાતો આવે સારી, તરેહ તરેહ વાર ભારી;
તે પણ દીશેછે રૂપાળી. લોક અંગ વિશે. ૪
એવી એવી ચીજો લાવ્યા, ખરીદ કરો તેથી ફાવ્યા;
તેમાં જર લાખો લઇ ચાલ્યા. દેશી લોક તણું. ૫
માટે કરો સંપ ભાઇ, ખરીદ કરો નવ કાંઇ;
જર રેહેશે શહેરો આહીં. શકે દેશ વાશે. ૬
તમે થાઓ સૌ તૈયાર, નાહી લાગાડો કંઇવાર;
કરો દેશી ચીજો પાર, જેને જે આવડે. ૭
પછી બોલ્યો ભાણશુકાર, કરજો દેશી ચીજ પસાર;
મુકી વીલાતી વેપાર. સૌ એક મતે. ૮

સાખી.

એક મતે સહુ બોલીઆ. જેવી દેશી ચીજ
વીલાતી પડતી રહે, એવી કરો તજવીજ.

ક એવી રીતેરે એવી રીતે, અનીહાંરે એવી રીતે.
સૌએ કીધો ત્યાં ઠરાવ, ડીરેકટર કરો જમાવ,
નહીં આવે આવો દાવ, વળી ફરી ફરી, ૧
એમ ડીરેકટરો કાહાડ્યા, સેક્રેટરીને બોલાવ્યા
ઘણા શેરો ત્યાં ભરાવ્યા, લોકો પાશ જઇ. ૨
એવે દીવાળી થઇ, સભા સહુ ઉઠી ગઇ,
લોકો પાછા ઘેર જઇ, વીચાર કરે. ૩
દેશી આપ નીકળે આંહીં, મળે માલ સઘળો ત્યાંહીં,
રેહેશે મણા નહીં કાંઇ, જો ખપત થશે. ૪
એવી આશાએ સહુ રહ્યા, સર્વે પેહેલા હપતા ભર્યા,
તેને દીવસ ઘણા થયા, લોક બુમ પાડે. ૫
એ રાણીઆનું શું કીધું, કોણે વ્યાજ એનું લીધું,
નથી સમજાતું કંઇ સીધું, રડા પીટ કરે. ૬
ક્યાં સુતાછો આગેવાન, નથી ડીરેકટરને સાન,
કેમ નહીં ખોલી દુકાન, એણે કીધું શું. ૭
ક્યાં ગયા અધીપતી, દેશી મિત્રના કંઇ નથી;
એણે પેહેલું કીધું મથી, હવે ઊંઘે છે. ૮

સાખી.

ઊંઘે દેશીમીત્રના, જે અધીપતી કેહેવાય;
ડાયરેકટર્સ મેતસો, પાછા પડી કેમ જાય
। રીતેરે એવીરીતે અનીહાંરે એવી રીતે;
.ડ ડાયરેકટર, જો નહી ચાલે છકર;

પાછા નાણા દો નીકર, એમ સઉકો કહે. ૧
પેહેલા નીકળ્યા જુસા ભેર, હવે કેમ કરોછો દેર;
એ કેવું છે અંધેર, વાત ચાલે છે. ૨
એનો સેક્રેટરી કોણ, તેનું જાયછે હીઆં પોણ;
નહીંતો કાડે દુકાન હોણ, પઇશા પડીરે રહ્યા. ૩
હવે સભા કરતા નથી, એ વાત કેમ છે સુતી;
હમને તેની ખબર નથી, તેથી પુછવું પડે. ૪
હવે થઇ જાઓ રેહેમ દીલ, નવ કરશો કશી ઢીલ;
તમે છો સૌથી વકીલ, એમ માનુંછું. ૫
સુણીને કડવાં વચન, મહા ગુસ્સા કરતા મન
તમે છો સમજુજન, થાઓ તઇઆર. ૬
ડારેક્ટર ને ઘેર જઇ, તેને બોધ સઘળો દઇ;
કે જો ખરાબી બહુ થઇ, સુરતીની હવે. ૭
માટે કરો કંઇ ઉપાય, જેથી સુરત સુધરી જાય;
પછી લખુ બહુ ગુણ ગાય, દેશી મીત્ર તણા. ૮

સમાપ્ત.

જાહેર ખબર.

આ અને બીજી સઘળી જાતની અંગરેજી ગુજરાતી સીરીસો તથા તેમના અરથો, તરજુમાંઓ, શાળોપયોગી ચોપડીઓ તથા ગાયનો, ગરબાઓ, પાઠ પુંજાની ચોપડીઓ, શાસ્ત્રી ચોપડીઓ, ઇતીહાશો, ભૂગોળો, તેમજ સઘળી જાતની વારતાની ચોપડીઓ, નાટકોની ચોપડીઓ, કાયદાની ચોપડીઓ, ઉરદુ સીરીસો તથા ગાયનો, જેવી કે ઈંદર શભા વગેરે સઘળી જાતની ચોપડીઓ નીચે લખેલે ઠેકાણે વેચાય છે.

સામટી ખરીદ કરનારને સારૂં કમીશન આપવામાં આવશે. દેશાવર વાળાએ પોસ્ટપેડ કાગળથી બંદોબસ્ત કરવો. તેમજ જો તેઓ દશ કરતાં વધારે નકલ કોઇ પણ જાતની મંગાવશે તો ટપાલ ખરચ નહીં બેશશે.

લલુભાઇ જમનાદાસ બુક સેલર
કેળાપીઠના પુલની પાસે નવી સડક ઉપર